# રેડિયો જોકી (આર.જે.)

રેડિયો જોકી (આર.જે.) એક એવી વ્યક્તિ છે જે રેડિયો પર વિવિધ શોનું આયોજન/સંચાલન કરે છે. તેઓ સામાન્ય રીતે ગીતો વગાડે છે, શ્રોતાઓ સાથે વાતચીત કરે છે, જાહેરાતોનું સંચાલન કરે છે અને અન્ય કાર્યોની સાથે પ્રસિદ્ધ વ્યક્તિઓ સાથે વાર્તાલાપ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે રેડિયો પર ઉદ્‌ઘોષણાઓ કરવા માટેનો આત્મવિશ્વાસ ધરાવો છો
- તમે તમામ પ્રકારના લોકો સાથે સહજતાથી વાત કરી શકો છો
- તમે સર્જનાત્મક વ્યક્તિ છો
- તમે સ્વતંત્ર રીતે કામ કરવામાં સક્ષમ છો




ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૫,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો અને ત્યારબાદ, રેડિયો પ્રોગ્રામિંગ અને બ્રોડકાસ્ટ મેનેજમેન્ટ (ડિ.આર.પી.એમ.)માં ડિપ્લોમા કરો. **અથવા**

- કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. રેડિયો પ્રોગ્રામિંગ અને બ્રોડકાસ્ટ મેનેજમેન્ટ (ડિ.આર.પી.એમ.) માં ડિપ્લોમા કરો અને ત્યારબાદ સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**
- કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. કોઈ પણ વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો અને ત્યારબાદ, રેડિયો પ્રોગ્રામિંગ અને બ્રોડકાસ્ટ મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા (પી.જી.ડિ.એમ.) કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

રેડિયો જોકીનું અંદાજીત માસિક વેતન **રૂ. ૭,૦૦૦ થી ૮૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત : https://bit.ly/3ixB2KU

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** રેડિયો સ્ટેશન, મનોરંજન ઉદ્યોગ વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા :** તમે તમારું પોતાનું પોડકાસ્ટ શરૂ કરી શકો છો.

કાર્યસ્થળનું વાતાવરણ: તમે સ્ટુડિયોમાં કામ કરશો. તમારે પરંપરાગત નોકરી કરતા અલગ અલગ સમયે કામ કરવું પડશે - કેટલાક રેડિયો શો વહેલી સવારે પ્રસ્તુત થાય છે. મુસાફરી એ તમારી ભૂમિકાનો ભાગ નથી. તમે સપ્તાહના અંતે પણ કામ કરો તેવી શક્યતા છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

પ્રચાર અધિકારી → વરિષ્ઠ પ્રચાર અધિકારી → ટીમ લીડ, પ્રચાર → પ્રચારના વડા → જનરલ મેનેજર → કંપનીના સી.ઈ.ઓ./વડા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

રેડિયો જોકી, રેડિયો બ્રોડકાસ્ટર, રેડિયો એનાઉન્સર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ માસ કોમ્યુનિકેશન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. લેડી શ્રી રામ કોલેજ ફોર વુમન, નવી દિલ્હી
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
૩. કેરળ યુનિવર્સિટી
૪. ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર
૫. સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી, પુણે
૬. ફારૂક કોલેજ, કોઝિકોડ
૭. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૮. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી
૯. કલકત્તા યુનિવર્સિટી, કોલકાતા (બુક પબ્લિશિંગ સ્ટડીઝમાં પી.જી. ડિપ્લોમા કોર્સ ઉપલબ્ધ કરાવતી એકમાત્ર યુનિવર્સિટીઓ પૈકીની એક)
૧૦. વી.એન.એસ.જી.યુ., સુરત

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એઝાઝ રિઝવી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન, લખનૌ
૨. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૩. ઈન્ટરનેશનલ સ્કૂલ ઓફ મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ સ્ટડીઝ, નોઈડા
૪. હિમગીરી ઝી યુનિવર્સિટી, દેહરાદૂન
૫. એલ.ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૬. એપીજય ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન (એ.આઈ.એમ.સી.), દિલ્હી
૭. એપીજય ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન (એ.આઈ.એમ.સી.), દ્વારકા દિલ્હી
૮. ભારતીય વિદ્યા ભવનની ફિલ્મ, ટીવી અને એનિમેશન સ્ટડીઝ, દિલ્હી
૯. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન, દિલ્હી
૧૦. મહાકૌશલ યુનિવર્સિટી, જબલપુર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/nou22_lg33/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

## સાફલ્ય ગાથા

**આર.જે. મલિષ્કા** અથવા મલિષ્કા મેન્ડોન્સા ૧૦ વર્ષથી વધુ સમયથી રેડિયો જોકી છે. તે ૧૦થી વધુ એવોર્ડ જીતનાર ભારતની સૌથી નાની વયની આર.જે. છે. મલિષ્કાએ મુંબઈ યુનિવર્સિટીમાંથી પોલિટિકલ સાયન્સમાં સ્નાતક અને એ જ સંસ્થામાંથી માર્કેટિંગ અને એડવર્ટાઈઝિંગમાં અનુસ્નાતકની પદવી હાંસલ કરેલ છે.*

સ્રોત : https://reputati

https://gulabigangofficial.in/rj-malishka-biography/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.